
# શત્રુંજય સંવેદના



પ્રિયમ્

णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# શત્રુંજય સંવેદના

ઊંચા ઊંચા શેત્રુંજયના શિખરો સોહાય...

**પૂ.પદ્મવિજયજી મહારાજની** અમર પ્રસાદીને સથવારે

**કાર્તિક પૂર્ણિમા**ની મંગલ પ્રભાતે

**આધ્યાત્મિક યાત્રા**

પ્રિયમ્

**अहो श्रुतम्**

**શા. બાબુલાલ સરેમલજી**

સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ–૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪

ahoshrut.bs@gmail.com

કારતક, વિ.૨૦૭૮

નવેમ્બર, ૨૦૨૧

# ❀ સંવેદના સોપાન ❀

ઊંચા ઊંચા શેત્રુંજયના શિખરો સોહાય,
વચ્ચે મારા દાદા કેરા દેરા ઝગમગ થાય...

દાદા તારી યાત્રા કરવા મારૂં મન લલચાય,
તળેટીએ શીશ નમાવી ચઢવા લાગું પાય...
પાવન ગિરિનો સ્પર્શ થતા પાપો દૂર પલાય...૧

લીલી-લીલી ઝાડીઓમાં પંખી કરે કલશોર,
સોપાન ચઢતાં ચઢતાં જાણે હૈયું અષાઢી મોર,
કાંકરે-કાંકરે સિધ્યાં અનંતા લળી-લળી લાગું પાય...૨

પહેલી આવે રામ પોળ ને ત્રીજી વાઘણ પોળ,
શાંતિનાથના દર્શન કરતાં પહોંચ્યા હાથી પોળ,
સામે મારા... દાદા કેરા દરબાર દેખાય...૩

દોડી દોડી આવું તારા દર્શન કરવા આજ,
ભાવ ભરેલી ભક્તિ કરીને સાધુ આતમ કાજ
મરૂદેવાના નંદન નિરખી જીવન પાવન થાય...૪

ક્ષમાભાવે ૐકાર પદનો નિત્ય કરીશ હું જાપ
દાદા તારા ગુણલા ગાતા કાપીશ ભવના પાપ
'પદ્મવિજય'ને હિયડે આજ આનંદ અતિ ઉભરાય...૫

✺

# ❀ શત્રુંજય સંવેદના ❀

દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ આગમ સૂત્રનો એક પદાર્થ છે. ઉત્પાત પર્વત. ચમરેન્દ્ર, બલીન્દ્ર, ધરણેન્દ્ર વગેરે ઈન્દ્રો હોય, સૌધર્મેન્દ્ર કે ઈશાનેન્દ્ર હોય, એમના સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશ દેવો કે લોકપાલ દેવો હોય એમને જ્યારે પણ મધ્યલોકથી ઉર્ધ્વલોકમાં જવું હોય, ત્યારે તેઓ ઉત્પાત પર્વતનું અવલંબન લઈને ઉપર જાય છે. ચમરેન્દ્રની રાજધાની રત્નપ્રભા પૃથ્વીમાં ૪૦,૦૦૦ યોજન નીચે છે. તે ત્યાંથી ઉપર જવા પહેલા તિગિંછી નામના ઉત્પાત પર્વત પર આવે, પછી ઉપર જાય, એ રીતે એમને ઉપર જવું સરળ પડે.

**જેમના હૃદયમાં શ્રદ્ધા છે, ભક્તિ છે, આસ્થા છે, લાગણી છે, શત્રુંજય ગિરિરાજના કણ કણ પ્રત્યેનો અહોભાવ છે, તેમના માટે શત્રુંજય ગિરિરાજ સ્વયં મોક્ષમાં જવા માટેનો ઉત્પાત પર્વત છે.**

આપણે નાના.. આપણે વામન... આપણો પન્નો કેટલો ? ને મોક્ષ કેટલે ? એટલી છલાંગ લગાવવી તો શક્ય નથી જ, એની કલ્પના પણ શક્ય નથી. તો શું આપણો મોક્ષ થશે જ નહીં ? શું આપણે સંસારમાં રખડતા જ રહેશું ? શું આ ચાર ગતિની ચંડાળ ચોકડીમાંથી આપણે બહાર જ નહીં નીકળીએ ? અનંત જ્ઞાનીઓ આપણને આશ્વાસન આપે છે. તમે ગમે તેટલા વામન હો, પણ શત્રુંજય ઊંચો છે, એ ૮ યોજન ઊંચો હતો, અવસર્પિણીમાં ક્રમશ ઘટતો ગયો, એ વ્યવહાર-નયની વાત છે. નિશ્ચયનયથી શત્રુંજય સાત રાજ ઊંચો છે, બસ તમે શત્રુંજય પર પહોંચી જાઓ, પછી મોક્ષ હાથવેંતમાં છે. શરત એટલી જ કે તમે પહોંચ્યાં હોવા જોઈએ. ખરેખર પહોંચ્યાં હોવા જોઈએ. શત્રુંજય તો ઊંચો છે જ... એના શિખરો તો ઊંચા છે જ...

**ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય...**
**ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય...**
**વચ્ચે મારા...**

## વચ્ચે મારા દાદા કેરા દેરા ઝગમગ થાય...

શત્રુંજય પર ખરેખર ચડવું કઈ રીતે ? વિચારમાં... વાણીમાં... વલણમાં... જીવનમાં દાદા જ વચ્ચે હોય... તો ખરેખર શત્રુંજયની યાત્રા થાય... દાદાને કઈ રીતે વચ્ચે રાખવા ? પૂ. હરિભદ્રસૂરિ મહારાજા ષોડશક પ્રકરણમાં ઉપાય બતાવે છે –

**अस्मिन् हृदयस्थे सति, हृदयस्थस्तत्त्वतो मुनीन्द्र इति ।**
**हृदयस्थिते च तस्मिन्, नियमात् सर्वार्थसंसिद्धिः ॥**

***જો પ્રભુનું વચન હૃદયમાં છે***
***તો હકીકતમાં પ્રભુ જ હૃદયમાં છે.***
***ને જો પ્રભુ જ હૃદયમાં છે***
***તો સમજી લો***
***કે અવશ્ય બધાં જ પ્રયોજનોની સિદ્ધિ થવાની જ છે.***

## વચ્ચે મારા દાદા કેરા દેરા ઝગમગ થાય...

વચ્ચે જ્યાં સુધી હું છે
ત્યાં સુધી મોક્ષ નથી.
વચ્ચે વિષયો છે, પૈસો છે, પરિવાર છે,
ત્યાં સુધી મોક્ષની કોઈ જ શક્યતા નથી.
વચ્ચે દાદા આવી જશે,
હૃદયમાં દાદા પ્રતિષ્ઠિત થઈ ગયા હશે,
દાદાનું વચન અંતરમાં અજવાળા પાથરવા લાગશે
ત્યારે જ મોક્ષ થશે.

## વચ્ચે મારા દાદા કેરા દેરા ઝગમગ થાય...
## ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય...

વ્યવહાર દૃષ્ટિએ આજનો દિવસ જ કાર્તિક પૂર્ણિમા છે. નિશ્ચય દૃષ્ટિએ જિનશાસન એ જ કાર્તિક પૂર્ણિમા છે. કાર્તિક પૂર્ણિમાની આ વિશેષતા છે, કે એમાં દાદાની જાત્રા ખુલ્લી થાય છે. નિશ્ચય દૃષ્ટિએ

જોઈએ, તો જ્યારે જિનશાસનની પ્રાપ્તિ થાય છે, ત્યારે દાદાની જાત્રા ખુલ્લી થાય છે. માનવભવ મળે, જિનશાસન મળે, શ્રદ્ધા અને વીર્યોલ્લાસ મળે ત્યારે દાદાની ખરી જાત્રા શરૂ થાય છે. આપણે આટલે સુધી આવ્યા, હવે એમ ને એમ પાછા જઈશું ? આ રીતે આપણું કલ્યાણ કેવી રીતે થશે ? શું આપણે હીરો ઘોઘે જઈ આવ્યો ને ડેલે હાથ દઈ આવ્યો - આના જ ઉદાહરણ બનવું છે ? દાદા જાણે આપણને કહે છે -

**तिण्णो हु सि अण्णवं महं**
**किं पुण चिट्ठसि तीरमागओ**

***તું એક મોટા મહાસાગરને તરી ગયો છે,***
***તો પછી હવે કિનારે આવીને કેમ અટકી ગયો છે ?***

આપણે દાદાને કહીએ -

**भवत्प्रसादेनैवाह – मियतीं प्रापितो भुवम् ।**
**औदासीन्येन नेदानीं, तव युक्तमुपेक्षितुम् ।।**

***પ્રભુ !***
***આપની કૃપાથી જ હું અહીં સુધી આવ્યો છું,***
***હવે આપ ઉદાસીનતા રાખો... ઉપેક્ષા કરો.***
***એ બિલકુલ ઉચિત નથી.***

પ્રભુ ! બસ હવે બહુ થઈ ગયું, આપ હાથ લંબાવો, ટેકો આપો, મારો ભાર હળવો કરી દો, મને પુશ-અપ કરો, મારું રોમ રોમ આપની જાત્રા કરવા ઝંખી રહ્યું છે, તલસી રહ્યું છે, રીતસરનું લલચાઈ રહ્યું છે -

**દાદા તારી યાત્રા કરવા મારું મન લલચાય**
**મારું મન લલચાય.**

પ્રભુ ! આમ તો હું ભિખારી છું. ગુણોના નામે દેવાળું છે, દોષોના નામે ઉકરડાના ઢગલે ઢગલા છે, સાધનામાં મીંડું છે, પરિણતિમાં છીંડું છે. કપડા ઉજળા છે પણ મન મેલા છે... પ્રભુ જે દૃષ્ટિએ

વિચાર કરું એ દૃષ્ટિએ મારા પર ફિટકાર વરસી જાય એવી મારી સ્થિતિ છે, પણ છતાં પ્રભુ ! મારા જેવા દેવાળિયા પાસે પણ એક મૂડી છે, જેનું નામ છે લાલચ. મારા જેવા ભિખારીને તારી શ્રીમંતાઈની લાલચ જાગી, મારા જેવા ખાડામાં ગયેલાને તારા શિખરે પહોંચવાની રુચિ જાગી એ જ મારી મૂડી.

**દાદા તારી યાત્રા કરવા મારું મન લલચાય**
**મારું મન લલચાય.**

પ્રભુ ! મને પેલા દેવચન્દ્રજી મહારાજ યાદ આવે છે –

**ઓળખતા બહુમાન સહિત રુચિ પણ વધે**

તારી ઓળખાણ થઈ, તારા વૈભવ માટે બહુમાન જાગ્યું, એ પામવા માટે રુચિ પ્રગટી, એ રુચિ વધતી ગઈ... વધતી ગઈ... વધતી ગઈ ને એ રુચિ જ કૃતિમાં પરિણમી ગઈ.

**દાદા તારી યાત્રા કરવા મારું મન લલચાય**
**મારું મન લલચાય**
**તળેટીએ સીસ નમાવી ચડવા લાગું પાય**
**ચડવા લાગું પાય.**

પ્રભુ ! કૃતિનું પ્રથમ ચરણ છે નતિ. તારી જાત્રાનું પહેલું પગથિયું છે. નમો... નમસ્કાર... વિનય.

**विणओ सासणे मूलं ।**
***વિનય એ જ જિનશાસનનું મૂળ છે.***

જ્યાં સુધી માથું છે'ક તળેટીને ન અડે, ત્યાં સુધી યાત્રા શરૂ થતી નથી. માથું ટટ્ટાર છે, માથું ઉન્નત છે, માથું અક્કડ છે, માથામાં રાઈ ભરેલી છે, ત્યાં સુધી ખરી જાત્રા શરૂ થવી શક્ય જ નથી.

**તળેટીએ સીસ નમાવી ચડવા લાગું પાય**
**ચડવા લાગું પાય.**

પ્રભુ ! મને યાદ આવે છે સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજા -

**येऽस्मै नमन्ति शुचय मुनिपुङ्गवाय**

**ते नूनमुर्ध्वगतयः खलु शुद्धभावाः ।**

***જે પ્રભુને નમે, તે ઉપર ચડે.***

***જે પ્રભુના શાસનને સમર્પિત થઈ જાય,***

***જે પોતાના અહંનું સમર્પણ કરી દે,***

***એ ઉર્ધ્વગતિ પામે.***

**તળેટીએ સીસ નમાવી ચડવા લાગું પાય**

**ચડવા લાગું પાય**

**પાવન ગિરિનો સ્પર્શ થાતા પાપો દૂર પલાય**

પ્રભુ ! બાળપણમાં સાબુની જાહેરાત જોઈ હતી. એમાં એવું કહેવામાં આવતું હતું, ''દાગ ? ઢૂંઢતે રહ જાઓગે.'' તારું શાસન ગેરંટી આપે છે - કર્મ ? ઢૂંઢતે રહ જાઓગે... યાદ આવે પૂ.આનંદઘનજી મહારાજ -

**ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી**

**કોઈ ન બાંધે કર્મ**

ચારિત્ર એ નિશ્ચય ગિરિરાજ છે. એનો સ્પર્શ મળે, એના હાથમાં મારો હાથ હોય, પછી પાપોને ઊભી પૂંછડીએ ભાગવાનો એક જ વિકલ્પ રહે છે. યાદ આવે ઉત્તરાધ્યયનસૂત્ર -

**चयरित्तकरं चरित्तं ।**

***કર્મોના સંચયને ખાલીખમ કરી દે***

***એનું નામ ચારિત્ર.***

**પાવન ગિરિનો સ્પર્શ થાતા પાપો દૂર પલાય**

**ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય**

પ્રભુ ! અનાદિનું સહરા લીલીછમ વનરાજી બની જાય એનું નામ તારી જાત્રા. અનાદિની બંજર ખારી સુક્કી ભટ્ઠ ભૂમિ પંખીઓના

મધુર કલરવથી ભરેલું ઉપવન બની જાય, એનું નામ તારી જાત્રા. બસ ચડતા જાઓ અને અષાઢી મોર બનીને આનંદનૃત્ય કરતા જાઓ એનું નામ તારી જાત્રા. પ્રભુ ! હૈયું કૂણું બને. એમાં તારી વાણીનું અમૃત સિંચાય, એમાં હરિયાળી ન છવાય એ વાતમાં કોઈ માલ છે ? ને એ હરિયાળીમાં સ્વાધ્યાયની કોયલ ટહુકા કરે છે, સાધનાના મોર કેકારવ કરે છે. આત્માનું અસ્તિત્વ જાણે મુખર બને છે, આત્માના પ્રદેશે પ્રદેશે આનંદ નૃત્ય છવાઈ જાય છે. જ્યાં પગલે પગલે પરમાનંદ હોય એ જ તો તારી યાત્રા છે.

**લીલી લીલી ઝાડીઓમાં પંખી કરે કલશોર**
**પંખી કરે કલશોર**
**સોપાન ચડતા ચડતા જાણે હૈયું અષાઢી મોર**
**હૈયું અષાઢી મોર**
**કાંકરે કાંકરે સિધ્યા અનંતા લળી લળી લાગું પાય**

ગિરિરાજના કાંકરે કાંકરેથી અને જિનશાસનના પ્રત્યેક યોગથી આજ સુધીમાં અનંતા આત્માઓ મોક્ષે ગયા છે. યાદ આવે શ્રુતકેવલી શ્રીભદ્રબાહુસ્વામી મહારાજા –

**जोगे जोगे जिणसासणम्मि दुक्खक्खया पउंजंते ।**
**एक्केक्कम्मि अणंता वट्टंता केवली जाया ॥**

***જિનશાસનનો પ્રત્યેક યોગ***
***સર્વ દુઃખોનો સંપૂર્ણ ક્ષય કરનાર છે,***
***આજ સુધીમાં તે પ્રત્યેક યોગની આરાધના કરતા***
***અનંતા જીવો કેવળજ્ઞાન પામ્યા છે.***

અમૃતનું દરેક ટીપું અમૃત હોય છે. ગિરિરાજનો પ્રત્યેક કાંકરો ગિરિરાજ હોય છે, અને જિનશાસનનો પ્રત્યેક યોગ જિનશાસન હોય છે.

**કાંકરે કાંકરે સિધ્યા અનંતા લળી લળી લાગું પાય**
**ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય..**

શિખરસ્પર્શનું પહેલું લક્ષણ છે આત્મરમણતા. યાદ આવે મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજા -

**જાણ ચારિત્ર તે આતમા નિજ સ્વભાવમાં રમતો રે...**

લૌકિક દૃષ્ટિએ રમ્યા વિનાનું બાળપણ ફોગટ ગણાય છે, લોકોત્તર દૃષ્ટિએ રમ્યા વિનાનું ચારિત્ર ફોગટ ગણાય છે. આત્મરમણતા એ નૈશ્ચયિક રામપોળ છે. રુચિ આવી, કૃતિ આવી, નતિ આવી, હરિયાળી આવી, કલશોર આવ્યો, માયૂરી નૃત્ય આવ્યું ને શિખર આવ્યું એટલે રામપોળ તો આવવાની જ છે.

**પહેલી આવે રામપોળ ને ત્રીજી વાઘણ પોળ**

ત્રીજી વાઘણ પોળ.... વાઘણ શબ્દ સમસ્ત પરીષહો અને ઉપસર્ગોનો સૂચક છે. ચારિત્રની પરિણતિ અને આત્મરમણતાની કસોટી વાઘણ હોય છે. યાદ આવે સમાધિતંત્ર -

**अदुःखभावितं ज्ञानं क्षीयते दुःखसन्निधौ ।**
**तस्माद्यथाबलं दुःखै-रात्मानं भावयेन्मुनिः ॥**

***જે જ્ઞાનને દુઃખોને સહન કરવા દ્વારા***
***પરિપક્વ ન બનાવ્યું હોય,***
***તે જ્ઞાન જ્યારે દુઃખ આવે ત્યારે ગળી જાય છે.***
***ક્ષય પામી જાય છે***
***માટે સમજુ સાધકે યથાશક્તિ દુઃખોને સહન કરવા દ્વારા***
***પોતાના આત્માને ભાવિત કરવો જોઈએ.***

યાદ આવે તત્ત્વાર્થાધિગમસૂત્ર -

**मार्गाच्यवननिर्जरार्थं परिसोढव्याः परीषहाः ।**

***પ્રભુના માર્ગથી ભ્રષ્ટ પણ ન થવાય***
***અને કર્મોની નિર્જરા પણ થાય***
***એ માટે જેમને સહન કરવાના છે,***
***એમનું નામ પરીષહો.***

જેઓ વાઘણને જોઈને પાછા વળી જાય એમને દાદા મળી શકતા નથી. વાઘણ જેટલી વાઘણ છે, એથી વધુ પ્રભુના પ્રેમની કસોટી છે. પ્રભુના નામે બધું જ છોડવાની તૈયારી ખરી ? અનુકૂળતા, સગવડ, સુખશીલતા બધું જ ફગાવી દેવાની તૈયારી ખરી ? કષ્ટોને સામી છાતીએ સહેવાની તૈયારી ખરી ? પ્રભુ મળે તો ઠીક, ન મળે તો ય વાંધો નહીં, મારી અનુકૂળતાને કોઈ આંચ ન આવવી જોઈએ. લોચ તો મારું કામ નહીં, વિહારમાં થાકી જવાય, પંખા વગર તો કેમ ચાલે ? ઘર ઘરની ગોચરી તો કેમ ફાવે ? આપણને તો આપણા માથે કોઈને રાખવા ફાવે જ નહીં, સમર્પણ ? ના ભાઈ ના, આપણી લગામ તો આપણા હાથમાં જ જોઈએ - આ બધાં પ્રભુને પામવાના લક્ષણ જ નથી. વાઘણ સુદ્ધાનો આપણને વાંધો નહીં હોય, ત્યારે આપણને પ્રભુ મળશે.

**પહેલી આવે રામપોળ ને ત્રીજી વાઘણ પોળ**
**ત્રીજી વાઘણ પોળ**
**શાંતિનાથના દર્શન કરતા પહોંચ્યા હાથી પોળ**
**પહોંચ્યા હાથી પોળ**

ઉપશમનું દર્શન એ શાંતિનાથ ભગવાનનું દર્શન છે. આત્માના પ્રદેશે પ્રદેશથી શાંતરસનો ઝરો ફુટી નીકળે ને ખળ ખળ વહ્યા જ કરે, વહ્યા જ કરે... વહ્યા જ કરે... એ શાંતિનાથનું દર્શન છે. યાદ આવે પૂ. ઉમાસ્વાતિ મહારાજા -

**सम्यग्दृष्टिर्ज्ञानी विरतितपोबलयुतोऽप्यनुपशान्तः ।**
**तं लभते न गुणं यं प्रशमगुममुपाश्रितो लभते ।।**

***ભલે સમકિતી ને જ્ઞાની હોય,***
***સંયમી ને તપસ્વી પણ હોય,***
***પણ જો એ અનુપશાન્ત હોય, તો એ તે લાભ નથી મેળવી શકતો***
***જે લાભ પ્રશમસમૃદ્ધ આત્મા મેળવે છે.***

શાંતિનાથ એટલે ઠરી ગયેલું વ્યક્તિત્વ. ઠર્યા વિના ઠરીઠામ થઈ

શકાતું નથી. આત્મરમણતા અને સહિષ્ણુતાનો પ્રાણ પણ ઉપશમ છે. આ ઉપશમ આત્માને એ ભૂમિકા સુધી લઈ જાય છે જ્યાં મોક્ષ ખુદ જીવનું સામૈયું કરે છે, ને એના માટે પોતે હાથી મોકલે છે -

**પહેલી આવે રામપોળ ને ત્રીજી વાઘણ પોળ**
**ત્રીજી વાઘણ પોળ**
**શાંતિનાથના દર્શન કરતા પહોંચ્યા હાથી પોળ**
**પહોંચ્યા હાથી પોળ**
**સામે મારા દાદા કેરા દરબાર દેખાય**

બસ... આટલું થાય એટલે દાદા મળવાના જ છે. મોક્ષ એ દાદાનો દરબાર છે. ભગવાનની આજ્ઞા તો પાળીએ, દીક્ષા પણ લઈએ, સાધના પણ કરીએ, છતાં મોક્ષ નહીં મળે તો ? આ શંકા બરાબર એના જેવી છે કે ગિરિરાજની જાત્રા તો કરીએ, શિખરે ય જઈએ, છતાં પણ દાદાનો દરબાર ન આવ્યો'તો ?? ભલા માણસ ! તું ફક્ત ચડે જા, બધી જ ચિંતા... બધી જ શંકા છોડીને ચડે જા, દાદાનો દરબાર આવવાનો જ છે, તું જિનાજ્ઞાના માર્ગે આગળ વધે જા, તારો મોક્ષ થવાનો જ છે. **જો આ રીતે ય મોક્ષ નહીં થાય તો કોઈ રીતે મોક્ષ નહીં થાય, કદી પણ કોઈનો પણ મોક્ષ નહીં થાય, પણ એવું તો નથી, મોક્ષ તો થાય છે, ને આ રીતે જ થાય છે, તું આટલું કર, પછી તું જ જોઈશ, કે મોક્ષ તારી સામે જ હશે, બરાબર સામે...**

**સામે મારા દાદા કેરા દરબાર દેખાય**
**ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય.**

દાદાના દરબારમાં આપણે આવી ગયા છીએ. દાદા સામે છે, એટલે મોક્ષ સામે જ છે. શું આપણે અહીંથી પાછા જશું ? કેમ એવું થાય ? કે હવે દોડીને પહોંચી જઈએ, હવે એક છલાંગ લગાવી દઈએ, હવે હવે દાદાના અંતરંગ દર્શન કરીએ. યોગગ્રંથો જેને તત્સ્થતા કહે છે, તદંજનતા કહે છે, સમાપત્તિ કહે છે.

तत्तत्त्वं यद् दृष्ट्वा निवर्तते दर्शनाकाङ्क्षा ।। षोडशक ।।

*તે તત્ત્વ જેના દર્શન થાય છે*
*ને પછી કશું જ જોવાનું બાકી નથી રહેતું*
*જોવાની આકાંક્ષા સુદ્ધા રહેતી નથી.*

બસ, હવે દોટ મુકવી છે... આવા દર્શન માટે...

**દોડી દોડી આવું દાદા દર્શન કરવા આજ**
**દર્શન કરવા આજ**
**ભાવ ભરેલી ભક્તિ કરીને સાધું આતમકાજ**
**સાધું આતમકાજ**

વીતરાગની સર્વોત્કૃષ્ટ ભક્તિનો પ્રકાર છે સ્વયં વીતરાગ બની જવું. વીતરાગતા એ પક્ષ છે - રાગ-દ્વેષ એ વિરોધપક્ષ છે. ત્યાં સુધી ભક્તિ કાચી છે, અધુરી છે, એક અપેક્ષાએ ભક્તિ જ નથી. જ્યાં સુધી આ સ્થિતિ છે, ત્યાં સુધી મોક્ષ નથી. હવે આ ભૂલ સુધારવી છે.

**ભાવ ભરેલી ભક્તિ કરીને સાધું આતમકાજ**
**સાધું આતમકાજ,**
**મરુદેવાના નંદન નીરખી જીવન પાવન થાય.**

યાદ આવે ઉપનિષદો -

तमेव विदित्वाऽतिमृत्युमेति नान्यः पन्था अस्ति मुक्तये ।

*બસ, એને જુઓ, એને જાણો,*
*આ જ છે મૃત્યુને ઓળંગવાનો માર્ગ*
*આની સિવાય મોક્ષનો બીજો કોઈ ઉપાય નથી.*

**મરુદેવાના નંદન નીરખી જીવન પાવન થાય,**
**ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય.**

પ્રભુ આજથી હું સંકલ્પ કરું છું. હવે તારી આજ્ઞા એ જ મારું જીવન. ક્ષમા વગેરે દશવિધ શ્રમણધર્મ એ જ મારું લક્ષ્ય. ૐ કારામાં

સમાયેલા પંચપરમેષ્ઠી ભગવંતો એ જ મારો આદર્શ. તારા ગુણગાન એ જ મારું અસ્તિત્વ. મારું સમગ્ર અસ્તિત્વ તારા ગુણોની અભિવ્યક્તિ બની જાય એ જ મારું સાર્થકત્વ. પ્રભુ આજે તારી દ્રવ્ય જાત્રા ય થઈ, ભાવ જાત્રા ય થઈ. આજે મારા આનંદનો કોઈ પાર નથી.

**ક્ષમાભાવે ૐકાર પદનો નિત્ય કરીશ હું જાપ**
**નિત્ય કરીશ હું જાપ**
**દાદા તારા ગુણલા ગાતા કાપીશ ભવના પાપ**
**કાપીશ ભવના પાપ**
**પદ્મવિજયને હિયડે આજે આનંદ અતિ ઉભરાય**
**ઊંચા ઊંચા શત્રુંજયના શિખરો સોહાય.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું
હોય તો મિચ્છામ્મિ દુક્કડમ્.

કારતક સુદ ૧૪, વિ.સં.૨૦૭૮,
શ્રી દશા પોરવાડ જૈન સંઘ,
પાલડી, અમદાવાદ.

✻

(શ્રીસંઘના કૌટુમ્બિક પુરુષોના બહુમાન પ્રસંગે)

**।। अर्हम् ।।**

**।। શ્રી શીતલનાથાય નમઃ ।।**

જિનશાસનના - શ્રીસંઘના કૌટુમ્બિક સભ્યોને ધર્મલાભ.

પૂર્વજન્મના કોઈ પરમ પુણ્યોદયે આપશ્રીને
જિનશાસનની પાવન છાયા મળી.
કદાચ કોઈ હોટલ વગેરેનું સ્થાન મળ્યું હોત,
તો કેટકેટલા પાપો કરવા પડત, કેટકેટલા પાપીઓની વેઠ કરવી પડત
અને આત્માને ભારે કરવો પડત, આપશ્રી ખૂબ જ ભાગ્યશાળી છો,
કે આપશ્રીને આવું સરસ સ્થાન મળ્યું
જ્યાં પૂજનીય સાધુ-સાધ્વીજી ભગવંતો પધારે
ગુણવાન તપસ્વી સદાચારી શ્રાવક-શ્રાવિકા પધારે
ને આપશ્રીને એમની સેવાનો મહાન લાભ મળે.
આપશ્રી માનો કે ન માનો
પણ સ્વર્ગના દેવો પણ આપના આ સૌભાગ્યની
ઈર્ષ્યા કરતા હોય છે
ને ઉછળતે ભાવે પરમ ભક્તિપૂર્વક આપશ્રી જે સેવા કરો છો.
એના બદલામાં દેવલોકો પણ આપી દેવાય તો ય ઓછા પડશે.
આ આપશ્રીની નોકરી નથી, પણ પૂજા છે,
સ્વાર્થ સાથે પરમાર્થનો આ લાભ કોઈ વિરલાને જ મળે.
આપશ્રીના આ સૌભાગ્યની અગણિત અનુમોદના.
શ્રીસંઘના એક સુશ્રાવક શ્રી દિલિપભાઈ આ જ ભાવનાથી
આપશ્રીનું બહુમાન કરી રહ્યા છે.
તેમની પણ અગણિત અનુમોદના
ખૂબ ખૂબ શુભાશિષો સહ - ધર્મલાભ.
કારતક સુદ ૧૪, વિ.સં.૨૦૭૮

**લિસ્ટ નંબર : ૬, ભા.સુ.૬, વિ.૨૦૭૭, ૧૨-૦૯-૨૧ સુધીના પુસ્તકો**

## BOOKS FOR THE GENERAL PUBLIC

૧. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૧૭ થી ૨૦
૨. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૨૧ થી ૨૪
૩. **ગિરિરાજ ગુંજન** (ગુ. હિં. અં.) - સચિત્ર બાળસાપ્તાહિક - અંક ૨૫ થી ૨૬

## BOOKS FOR THE JAINS

૧. **નૈમિત્તિક** - જિનશાસનના આઠ પ્રભાવકોમાં ચોથા પ્રભાવક
૨. **યાદ આવે મોરી મા** - ગુરુદેવશ્રીના સંસ્મરણો
૩. **વહેણ** - વિવિધ લેખો
૪. **સદ્‌ગુરુ** - ગુરુદેવશ્રીના આલંબને ગુરુતત્ત્વનો સાક્ષાત્કાર
૫. **પર્યુષણ-૨** - પ્રવચનધારા (હસ્તલિખિત) વિ.૨૦૭૩
૬-૭. **ગુરુદેવ-૧,૨** - યાદ આવે મોરી મા, સદ્‌ગુરુ આદિ પ્રવચનધારા (હસ્તલિખિત)
૮. **પર્યુષણ-૩** - આંશિક પ્રવચનો (વિ.૨૦૭૭)
૯. **વેરાયટી** - વિવિધ લેખો
૧૦-૧૧. **ઉપમિતિ ભવ પ્રપંચ કથા** - હસ્તલિખિત પ્રવચનધારા - ભાગ ૧૭, ૧૮

## BOOKS FOR GURU BHAGWANTS

૧. **મરણસમાધિપ્રકીર્ણક** - આગમસૂત્ર - પદ્મા - નૂતનવૃત્તિ - ભાગ-૨
૨. **દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક** - આગમસૂત્ર - હૈમી - નૂતનવૃત્તિ
૩. **સંવેગ સંવાદ** - શ્રમણ વાચના
૪. **વીરસ્તવપ્રકીર્ણક** - આગમસૂત્ર - રાજમાના - નૂતનવૃત્તિ
૫. **શ્રામણ્યધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મવાચના - હસ્તલિખિત
૬. **સંયમધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મવાચના - હસ્તલિખિત

## PEMPFLATE FOR JAINS

**a. આ છે ગિરિરાજ અમારો** - રેડી ફુલસ્કેપ નોટ બુક, ૮ તૈયાર મુખપૃષ્ઠો
+ દરેક પાના ઉપર નવું સુવાક્ય

**b. Defence જિનશાસન** (ગુ.હિં.અં.) - શત્રુંજય સુરક્ષા પ્રેરણા

Book link - bit.ly/priyambooks
આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.

### લિસ્ટ નંબર : ૭, કાર્તિકી પૂર્ણિમા, વિ.૨૦૭૮, ૧૯-૧૧-૨૧ સુધીના પુસ્તકો

## BOOKS FOR THE JAINS

૧. **વેદનાધારા** - જિનશાસન ફીલિંગ્સ (હસ્તલિખિત)
૨. **સંવેદનાધારા** - જિનશાસન સંસ્પર્શ (હસ્તલિખિત)
૩. **મુમુક્ષુધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૪. **સુગુરુધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૫. **પાત્રતાધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૬. **દીક્ષાધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૭. **અણગારધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૮. **વૈરાગ્યદેશનાદક્ષ** - ગુરુદેવશ્રીના વચનામૃતો - સચિત્ર સંકલન
૯. **ઉપકારવર્ષા** - ગુરુદેવશ્રીના પત્રો (હસ્તાક્ષરમાં)
૧૦. **મહામાંગલિક-પરિચય** - નવસ્મરણ - ગૌતમસ્વામી રાસ - ભૂમિકા પ્રવચનો
૧૧. **પંચસિદ્ધિ** - પૂજ્ય બા-મહારાજ - એક આધ્યાત્મિક આલંબન
૧૨. **અર્પણધારા** - Steam જિનશાસન - આદિ પ્રવચનધારા (હસ્તલિખિત)
૧૩. **સમર્પણધારા** - શાસન સંવેદના (હસ્તલિખિત)
૧૪. **સાફલ્યધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૫. **સાધુતાધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૬. **શત્રુંજય સંવેદના** - ઊંચા ઊંચા શેત્રુંજયના શિખરો સોહાય... આધ્યાત્મિકધારા
૧૭. **યોગધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૮. **ઉપયોગધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૧૯. **આચારધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)
૨૦. **આધારધારા** - ધર્મબિન્દુ - અણગારધર્મ - વાચના (હસ્તલિખિત)

## BOOKS FOR GURU BHAGWANTS

૧. **દ્વીપસાગરપ્રજ્ઞપ્તિ** - સંગ્રહણી - યશસ્વિની - નૂતન વૃત્તિ
૨. **સંવેગ સંવાદ** - સંયમ ઊર્જા માટે સંયમીઓ સાથે

## PAMPHLATE FOR JAINS

**a. Only For Mothers** - વીકી કે રિસી... પસંદ તમારી
**b. Know પાઠશાળા** - પરિચય અને પ્રોત્સાહન

Book link - bit.ly/priyambooks
આના દ્વારા પુસ્તકોની Soft Copy Free મળશે.
આપ જરૂર મુજબ પ્રિન્ટ કાઢી શકશો.

**With Best Compliments**
**From**

VIOLENCE
FREE
WORLD

Priyam's All Books

ASHAP0029